# આ.વિજ્ઞાન

## ધોરણ-૬

દ્વિતિય સત્ર



## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## (૫) શાંતિની શોધમાં : બુદ્ધ અને મહાવીર

**અધ્યયન નિષ્પતિ :**

SS 6.10 ભારતના નકશામાં મહત્ત્વના ઐતિહાસિક સ્થળો અને અન્ય સ્થળોને દર્શાવે છે.

SS.6.18 પ્રાચીન કાળના વિવિધ ધર્મોના વિચારો અને મૂલ્યોનું વિશ્લેષણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

* મહાન સુધારકો :
- ગૌતમ બુદ્ધ : પ્રારંભિક જીવન
- ગૃહ ત્યાગ અને સાધના
- ગૌતમ બુદ્ધનો ઉપદેશ
- બુદ્ધ એક મહાન સુધારક તરીકે
- બુદ્ધનું નિર્વાણ

* મહાવીર સ્વામી :
- પ્રારંભિકજીવન
- ગૃહ ત્યાગ અને સાધના
- મહાવીર સ્વામીનો ઉપદેશ
- મહાવીર સ્વામી એક મહાન સુધારક તરીકે
- મહાવીર સ્વામીનું નિર્વાણ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- સંદર્ભ સાહિત્યના પુસ્તકો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ઇ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં થયેલા મહાન સુધારકો વિશે જણાવીશ ચર્ચા કરીશ. ગૌતમ બુદ્ધના પ્રારંભિક જીવન, ગૃહ ત્યાગ અને સાધના તથા તેમને આપેલ ઉપદેશ વિશે જણાવી ચર્ચા કરીશ. બુદ્ધે એક મહાન સુધારક તરીકે જે કાર્યો કર્યા તે જણાવી ચર્ચા કરીશ. તેમના નિર્વાણ વિશે માહિતી આપીશ. મહાવીર સ્વામીના પ્રારંભિક જીવનનો ખ્યાલ આપીશ. ગૃહત્યાગ અને સાધના તથા તેમણે આપેલા ઉપદેશો વિશે જણાવીશ. મહાવીર સ્વામીએ એક મહાન સુધારક તરીકે જે કાર્યો કર્યા તેના વિશે ખ્યાલ આપીશ. તેમના નિર્વાણ વિશે જણાવીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## (૧૧) ભૂમિ સ્વરૂપો

**અધ્યયન નિષ્પતિ :**

SS 6.6 ભારતના નકશામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, રણપ્રદેશો વગેરે

જેવી ભૌગોલિક લાક્ષણિકતાઓ દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ભૂમિ સ્વરૂપની રચના
- ભૂમિ સ્વરૂપના મુખ્ય પ્રકાર

* પર્વત :

૧. ગેડ પર્વત

૨. ખંડ પર્વત

૩. જવાળામુખી પર્વત

૪. અવશિષ્ટ પર્વત

- પર્વતોનું મહત્વ

* ઉચ્ચપ્રદેશ :

- આંતર પર્વતીય
- ઉચ્ચપ્રદેશ
- પર્વતપ્રાંતીય ઉચ્ચ પ્રદેશ
- ખંડીય ઉચ્ચપ્રદેશ
- ઉચ્ચ પ્રદેશનું મહત્વ

* મેદાન :

૧. કિનારાનાં મેદાન

૨. ઘસારણનાં મેદાન

૩. નિક્ષેપણનાં મેદાન

* મેદાનોનું મહત્વ
* ઉપસાગર, અખાત, ભૂશિર, ટાપુ, ખીણ, સામુદ્રધુની સંયોગી ભૂમિ

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભૂમિસ્વરૂપની સંકલ્પના સ્પષ્ટ કરાવીશ. ભૂમિસ્વરૂપોના મુખ્ય પ્રકારોમાં પર્વત વિશે સમજ આપીશ. પર્વતોના પ્રકારોમાં ગેડ પર્વત, ખંડ પર્વત, જવાળામુખી પર્વત તથા અવિશિષ્ટ પર્વત વિશે સમજાવીશ. પર્વતોનું મહત્વ સમજાવીશ. ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. ઉચ્ચપ્રદેશોની સંકલ્પના સ્પષ્ટ કરીશ. ઉચ્ચ પ્રદેશોમાં આંતર પર્વતીય ઉચ્ચપ્રદેશ, પર્વત પ્રાંતીય ઉચ્ચપ્રદેશ અને ખંડીય ઉચ્ચપ્રદેશ વિશે વિસ્તૃત સમજ આપીશ. ઉચ્ચપ્રદેશનું મહત્વ સમજાવીશ. મેદાનની સંકલ્પના સ્પષ્ટ કરીશ. મેદાનોમાં કિનારાનાં મેદાન ઘસારણનાં મેદાન, નિક્ષેપણનાં મેદાન વિશે વિસ્તૃત જાણકારી આપીશ. મેદાનોનું મહત્વ સમજાવીશ. ઉપસાગર, અખાત, ભૂશિર, ટાપુ, ખીણ સામુદ્રધુની, સંયોગીભૂમિની સંકલ્પના સ્પષ્ટ કરીશ. વિસ્તૃત સમજ આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**
**(૧૬) સ્થાનિક સરકાર**

**અધ્યયન નિષ્પતિ :**

SS.6.23 સ્થાનિક સ્તરે સરકારની ભૂમિકાનું વર્ણન કરે છે.

SS.6.25 ગ્રામ્ય અને શહેરી સ્થાનિક સરકારની કામગીરીનું વિશ્લેષણ કરે છે. જેમકે આરોગ્ય અને શિક્ષણ.

**શૈક્ષણિક મુદ્દા :**

- સ્થાનિક સરકાર (પંચાયતિ રાજ નું માળખું)
- ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય પંચાયત
- રચના, વહીવટ તથા કર્યો.
- ગ્રામ સભા
- તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત
- રચના, વહીવટ તથા કર્યો.
- જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત
- સામાજિક ન્યાય સમિતિ.
- નગર પાલિકા, રચના, વહીવટ તથા કર્યો.
- મહાનગર પાલિકા રચના, વહીવટ તથા કર્યો.
- કલેક્ટર : નિમણૂક તથા કર્યો.
- મામલતદાર : નિમણૂક તથા કર્યો.
- લોક અદાલત

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ

આલેખપત્ર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સ્થાનિક સરકાર (પંચાયતી રાજ) ના માળખાનો ખ્યાલ આપીશ. ગ્રામીણ પ્રશાસન માં ગ્રામ્ય પંચાયત ની રચના વહીવટ તથા ગ્રામ પંચાયતની આવકના સાધનો વહીવટી કર્યો વિશે જણાવીશ. ગ્રામ સભાનો ખ્યાલ આપીશ. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતની રચના, વહીવટ તથા કર્યો વિશે જણાવીશ. જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયતની રચના વહીવટ, તથા વિભાગવાર કર્યો વિશે જણાવીશ. સામાજિક ન્યાય સમિતિની રચના તથા તેના કાર્યોની સમજ આપીશ. શહેરી પ્રશાસનમાં નગર પાલિકા તથા મહાનગર પાલિકા ની રચના વહીવટી તથા તેના કર્યો વિશે માહિતી આપીશ. “કલેક્ટર” ની નિમણૂક તથા કાર્યોનો ખ્યાલ આપીશ. પંચાયતી રાજમા કલેકટરની ભૂમિકા શું હોઈ શકે તે જણાવીશ. મામલતદાર ની નિમણૂક તથા તેના કાર્યોનો ખ્યાલ આપીશ. લોક

અદાલતની સમજ આપીશ. તથા તેના કર્યો વિશે જણાવીશ. ચર્ચા – પ્રશ્નોતરી કરીશ.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ/ રમત**

- પ્રોજેકટ કાર્ય

મુલાકાત :

- ગ્રામ્ય પંચાયત
- તાલુકા પંચાયત
- જિલ્લા પંચાયત
- નગર પાલિકા
- મહાનગર પાલિકા (વિસ્તાર મુજબ મુલાકાત ગોઠવી શકાય)

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયન પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## (૬) મૌર્યયુગ : ચંદ્રગુપ્ત અને સમ્રાટ અશોક

**અધ્યયન નિષ્પતિ :**

SS.6.12 મહત્વના રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત મહાજન પદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્ત વંશના સિક્કાઓ, પલ્લવ વંશના રથમંદિરો.

**શૈક્ષણિક મુદ્દા :**

* રાષ્ટ્રીય પ્રતિક : ત્રણ સિહવાળી મુદ્રા
* મૌર્યવંશ :

- સ્થાપક અને શાસક
- ચંદ્રગુપ્ત મૌર્ય
- બિંદુસાર
- સમ્રાટ અશોક
- મૌર્યયુગનું વહીવટી તંત્ર
- સમ્રાટ અશોકના ઉત્તરાધિકારીઓ તથા મૌર્યવંશનું પતન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓ ત્રણ સિંહવાળી મુદ્રા રાષ્ટ્રીય પ્રતિક વિશે માહિતી આપશી. મૌર્યવંશના સ્થાપક અને શાસક વિશે જણાવીશ. ચંદ્રગુપ્ત મૌર્ય, બિંદુસાર, સમ્રાટ અશોકના શાસનનો સમયગાળો તેમણે કરેલા કામો વિશે જાણકારી આપીશ. કાલિંગના યુદ્ધથી અશોકનું હૃદય પરિવર્તન થયુ. તે વિશે ખ્યાલ આપીશ. અશોકે જે કાર્યો કર્યા તેની વિસ્તૃત ચર્ચા કરીશ. મૌર્યયુગના વહીવટી તંત્ર વિશે

જણાવીશ. સમ્રાટ અશોકના ઉત્તરાધિકારીઓ તથા મૌર્યવંશના પતન વિશે જણાવીશ. પ્રશ્નોત્તરી કરીશ.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## (૧૨) નકશો સમજીએ

**અધ્યયન નિષ્પતિ :**

SS 6.5 પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ-રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે.

SS 6.6 ભારતના નકશામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, રણપ્રદેશો વગેરે જેવી ભૌગોલિક લાક્ષણિકતાઓ દર્શાવે છે.

SS 6.7 દિશાઓ, પ્રમાણમાપ તથા રૂઢસંજ્ઞાઓનો ઉપયોગ કરી પોતાની આસપાસના પ્રદેશનાં નકશાઓ સમજે અને દોરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- નકશાની ઉપયોગીતા
- નકશાની સંકલ્પના
- નકશાપોથીના નકશા
- નકશાના પ્રકાર

* હેતુઓ આધારિત નકશા :

૧. પ્રાકૃતિક નકશા

૨. સાંસ્કૃતિક નકશા

* માપ આધારિત નકશા :

- નકશાના અંગો

૧. દિશા

૨. પ્રમાણમાપ

૩. રૂઢ સંજ્ઞાઓ

- ભારતનું સ્થાન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિવિધ પ્રકારના નકશા
- પૃથ્વીનો ગોળો
- રૂઢ સંજ્ઞાઓનો ચાર્ટ
- ચાર્ટસ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને નકશાની ઉપયોગીતા સમજાવીશ. નકશાની સંકલ્પના સ્પષ્ટ કરીશ. નકશાપોથીમાંના નકશા વિશે જણાવીશ. નકશાના પ્રકારમાં હેતુ આધારિત નકશા જેવા કે પ્રાકૃતિક નકશા, ભૂપૃષ્ઠના નકશા, હવામાન/ આબોહવાના નકશા,

ખગોળીય નકશા વિશે જણાવીશ. સાંસ્કૃતિક નકશા જેવા કે રાજકીય નકશા, ઔદ્યોગિક નકશા, ઐતિહાસિક નકશા વિશે જણાવીશ. માપના આધારે નકશાના પ્રકાર જણાવી ચર્ચા કરીશ. નકશાના અંગો દિશા, પ્રમાણમાપ અને રૂઢ સંજ્ઞાઓ વિશે જણાવી ચર્ચા કરીશ. વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવીશ. નકશામાં ભારતનું સ્થાન કયાં છે તે બતાવી માહિતી આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ.

પ્રવૃત્તિ/ પ્રોજેક્ટ / રમત

પ્રવૃત્તિ :

નકશાનું અવલોકન કરો.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (૭) ગુપ્તયુગ અને અન્ય શાસકો

**અધ્યયન નિષ્પતિ :**

SS.6.12 મહત્વના રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત મહાજન પદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્ત વંશના સિક્કાઓ, પલ્લવ વંશના રથમંદિરો.

SS.6.14 જે તે સમયની સાહિત્યિક રચનામાં દર્શાવેલ ઘટનાઓ, બનાવો અને મહાન વ્યક્તિઓના ચરિત્રનું વર્ણન કરે છે.

SS.6.16 સંસ્કૃતિ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતનું નોંધપાત્ર યોગદાન વર્ણવે છે. દા.ત. ખગોળશાસ્ત્ર, ઔષધી વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર વગેરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ચંદ્રગુપ્ત (પહેલો)
- સમ્રાટ સમુદ્રગુપ્ત
- સમ્રાટ ચંદ્રગુપ્ત બીમો વિક્રમાદિત્ય
- કુમારગુપ્ત પહેલો
- સ્કંદગુપ્ત
- ગુપ્તયુગની શાસન વ્યવસ્થા
- ગુપ્ત યુગની આર્થિક સ્થિતિ, ધાર્મિક સ્થિતિ સાંસ્કૃતિક સ્થિતિ વિજ્ઞાનની સ્થિતિ
- સમ્રાટ હર્ષવર્ધન
- પુલકેશી બીજો
- અન્ય રાજયો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ગુપ્તયુગના સમ્રાટો વિશે જણાવીશ. ચંદ્રગુપ્ત પહેલો, સમ્રાટ સમુદ્રગુપ્ત, સમ્રાટ ચંદ્રગુપ્ત બીજા – વિક્રમાદિત્ય કુમારગુપ્ત પહેલો, સ્કંદગુપ્ત જેવા શાસકોના શાસનકાળ વિશે ખ્યાલ આપીશ. ગુપ્તયુગની શાસન વ્યવસ્થા વિશે વિસ્તૃત માહિતી આપીશ. ગુપ્તયુગની આર્થિક સ્થિતિ, ધાર્મિક સ્થિતિ, સાંસ્કૃતિક સ્થિતિ, વિજ્ઞાનની સ્થિતિ વિશે માહિતી આપીશ. સમ્રાટ હર્ષવર્ધનના શાસનકાળ તથા તે કાર્યો વિશે જણાવીશ. પુલકેશી બીજોના શાસનની માહિતી આપીશ. અન્ય રાજયો વિશે જણાવીશ. ચર્ચા કરીશ પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / રમત**

પ્રવૃત્તિ : નકશાનું અવલોકન કરો.

**મૂલ્યાંકન**

સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (૧૩) ભારત : ભૂપૃષ્ઠ આબોહવા, વનસ્પતિ અને વન્યજીવ

**અધ્યયન નિષ્પતિ :**

SS.6.06 ભારતના નકશામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, ભારતના નકશામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો,નદીઓ, રણપ્રદેશો વગેરે જેવી ભૌગોલિક લાક્ષણિકતાઓ દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ભારત વિસ્તારની દ્રષ્ટિએ
- ભારતના પ્રાકૃતિક વિભાગો
- ભારતની આબોહવા

* શિયાળો, ઉનાળો, ચોમાસું

- વનસ્પતિ : જંગલોના પ્રકાર
- જંગલોનું મહત્વ
- ભારતના વન્યજીવો
- અભયારણ્યો, રાષ્ટ્રીય ઉધાન અને જૈવ આરક્ષિત ક્ષેત્રો

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- ભારતનો નકશો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભારતના વિસ્તારની માહિતી નકશા દ્વારા આપીશ. ભારતના પ્રાકૃતિક વિભાગો વિશે જણાવીશ. ચર્ચા કરીશ. ભારતની આબોહવામાં ઋતુઓ શિયાળો, ઉનાળો અને ચોમાસા વિશેની માહિતી આપીશ. વનસ્પતિ, જંગલોના પ્રકાર જણાવી વિસ્તૃત

ચર્ચા કરીશ. ભારતના વન્યજીવોની માહિતી આપીશ. જંગલોનું મહત્વ સમજાવીશ. અભયારણ્યો, રાષ્ટ્રી ઉદ્યાનો અને જૈવ આરક્ષિત ક્ષેત્રો વિશે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરીશ.

પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / રમત

પ્રવૃત્ત: : ભારતના નકશામાં નદીઓને દર્શાવે

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## માર્ચ માસનું પાઠ આયોજન
## (૮) ભારત વર્ષની ભવ્યતા

**અધ્યયન નિષ્પતિ :**

SS 6.14 જે તે સમયની સાહિત્યિક રચનામાં દર્શાવેલ ઘટનાઓ, બનાવો અને મહાન વ્યક્તિઓનાં ચરિત્રનું વર્ણન કરે છે.

SS 6.15 ભારતના સંપર્કમાં આવેલ બહારના પ્રદેશોના ધર્મ, કલા અને સ્થાપત્યોની અસરો દર્શાવે છે.

SS 6.16 સંસ્કૃતિ અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં ભારતનું નોંધપાત્ર યોગદાન વર્ણવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રાચીન ભારત : ખેતી
- વેપારીઓના માર્ગો
- પ્રાચીન ભારતમાં ચિત્રકલા
- પ્રાચીન ભારતમાં શિલ્પ અને સ્થાપત્ય
- સ્તૂપો અને વિહારો
- શિક્ષણનો વારસો
- સિક્કા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટ્સ
- ચિત્રો

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પ્રાચીન ભારતની ખેતી વિશે જણાવી ચર્ચા કરીશ. ખેતીમાં વપરાતા ઓજારો ખેતી માટેની સિંચાઇ, નગરજીવન વિશે ચર્ચા કરીશ. વેપારીઓ નવા માર્ગોનો જે ઉપયોગ કરે તે જણાવી ચર્ચા કરીશ.

પ્રાચીન ભારતમાં ચિત્રકલા વિશે માહિતી આપીશ પ્રાચીન ભારતમાં

શિલ્પ અને સ્થાપત્ય વિશે જાણકારી આપીશ. સ્તૂપો અને વિહારો વિશે માહિતી આપીશ. શિક્ષણનો વારસોમાં શિક્ષણ વ્યવસ્થા વિશે જણાવીશ. સિક્કા વિશે વિસ્તૃત વિશે ચર્ચા કરીશ.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## માર્ચ માસનું પાઠ આયોજન
## (૧૭) જીવન નિર્વાહ

**અધ્યયન નિષ્પતિ :**

SS.6.26 ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વ્યવસાયની તક સર્જનાર વિવિધ પાસાઓનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- આપણો દેશ : ભારત અનેક વિવિધતા
- ગામડાનું જીવન
- ગામડામાં શ્રમકાર્ય અને જીવન
- ખેતી, પશુપાલન અને જીવનનિર્વાહ
- ગામનું શહેર સાથે જોડાણ
- અન્ય રીતે જીવન નિર્વાહ
- શહેરનું જીવન
- સામુહિક શહેરી જીવન નિર્વાહ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ફોટોગ્રાફસ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને આપણા દેશભારતની અનેક વિવિધતાઓ વિશે જણાવીશ. ગામડાના જીવન વિશે જણાવીશ. ગામડામાં શ્રમકાર્ય અને જીવન શૈલીનું વર્ણન કરીશ. ખેતી, પશુપાલન અને જીવનનિર્વાહ વિશે માહિતી આપીશ. ગામનું શહેર સાથે જોડાણ કેવી રીતે થાય છે ? તે જણાવીશ. ગામડાના લોકો બીજી કઇ રીતે જીવનનિર્વાહ કરે છે. તેની માહિતી આપીશ. ઉદાહરણ દ્વારા ખ્યાલ આપીશ. શહેરનું જીવન શૈલી કેવું હોય તે જણાવીશ. ઉદાહરણ દ્વારા સમજ આપીશ. સામૂહિક શહેરી જીવન નિર્વાહ કેવી રીતે થાય છે તે અંગે જણાવીશ.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.